# લો બોલો.., સલાલ ખાતે એલઈડી બલ્બ રોકડેથી ખરીદી કર્યા છતાં વિજબીલમાં બાકી આવ્યા

## વિજ ગ્રાહકો વિજકચેરીએ બીલ તથા અરજી લઇને આવતા ઉલટાનું વિજ અધિકારી તોછડું વર્તન કરે છે : કેમેરા સામે કાઇ પણ બોલવાની ના પાડી : મીડીયા સાથે પણ વિજ અધિકારી દ્વારા તોછડું વર્તન

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લા સહિત વિવિધ જિલ્લાઓમાં વિજ કચેરીઓમાં ઉજજવલા અંતર્ગત સસ્તાં અને વિજળી બચતવાળા એલઈડી બલ્બ આપવામાં આવ્યાં હતા. જેમાં સલાલ ખાતે પણ વિજ ગ્રાહકો દ્વારા વિજકંપનીમાંથી રોકડેથી વિજકંપની દ્વારા એક નહી બે નહી પણ કેટલાય ગ્રાહકો વિજબીલમાં રોકડેથી એલઈડી બલ્બ ખરીદી કરેલ હોવા છતાં વિજબીલમાં બાકી કાઢ્યા છે. જયારે વિજબીલ ગ્રાહકો રોકડેથી ખરીદી કરેલ એલઈડી બલ્બની રસિદ લઈને આવતાં નાયબ ઈજનેર મહાશય ડી.બી. પટેલ ખુરશીનો રોબ



ખરીદી કર્યા છતાં વિજબીલમાં બાકી નિકળ્યા અને વિજગ્રાહકો રજુઆતો કરવા જતા નાયબ ઈજનેર દ્વારા ગ્રાહકો સાથે તોછડું વર્તન કરે છે. જમાવતા ગ્રાહકો સાથે તોછડું વર્તન કરે છે. જયારે આ અંગે મીડીયાકર્મીઓએ સંપર્ક કરતાં અધિકારી મહાશયે કેમેરા સામે કાઈ પણ બોલવાની ના પાડી હતી અને મીડીયા સાથે ઉધ્ધત વર્તન કર્યું હતું અને તમારે જે છાપવુ હોય તે છાપીદો અને ટીવીમાં બતાવવું હોય તે બતાવી દો મારૂ કોઈ કશું તોડે તેમ નથી અને મીડીયા કર્મીઓ સામે પોલીસ કેસ કરવાની ધમકી આપી હતી ત્યારે હાલ તો ઓન રેકોર્ડ વિજકંપનીમાં ૪૦થી પણ વધારે અરજીઓ આવી છે ત્યારે શું ખરેખર વિજ ગ્રાહકોને રોકડેથી ખરીદી કરેલ રકમ બીલમાં સુધારો થશે કે કેમ અને આવાં અધિકારીઓ સામે એક્શન લેવામાં આવશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.

### વિજ ગ્રાહકો કહે છે

વિજગ્રાહક રમેશભાઈ કોદરભાઈ પટેલ, મોન્ટુભાઈ ગણેશભાઈ પટેલ, મેહુલભાઈ ગોવિદભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે તેવોને વિજબીલમાં એલઈડી બલ્બ રોકડેથી ખરીદી કર્યા પછી પણ બીલ આવતાં બીલમાં બાકી રકમ નિકળતા બીલ તથા રોકડેથી ખરીદી કરેલ એલઈડી બલ્બની રસિદો સાથે સલાલ વિજકંપનીમાં જઈ વિજ અધિકારી ડી.બી. પટેલનો સર્પક કરતા વિજ અધિકારી દ્વારા વિજ ગ્રાહકો સાથે ઉધ્ધતભર્યુ તોછડું વર્તન કર્યું હતું અને અહીં આવી વાહિયાત રજુઆતો લઈને આવવું નહિ અને આમાં અમારી કોઈ જવાબદારી છે નહી તેમ કહી ઓફિસમાંથી ચાલ્યાં જવાનું કર્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા વિજળી બચાવો અભિયાન સાથે વિવિધ વિજકંપનીઓમાં ઉજજવલા અંતર્ગત એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં રોકડેથી કે બીલમાં પૈસા કપાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી પણ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતે આ યોજનાને લઈને હાલ તો વિજગ્રાહકોમાં રોષ જોવાં જોવા મલ્યો છે અને

### અધિકારીઓ કહે છે

ગ્રાહકોની રજુઆતોને લઈને મીડીયાએ વિજ અધિકારીનો સર્પક કરતાં તેવોએ મીડીયા કર્મીઓ સાથે આ બાબતે કાંઈપણ બોલવાની ના પાડી હતી અને મીડીયા સાથે પણ ઉધ્ધત તોછડી ભાષામાં વાત કરી હતી અને ફોટા કે વિડીઓગ્રાફી કરશો તો પોલીસ બોલાવીસ અને અંદર કરાવી દઈશ તથા મારૂ કોઈ મીડીયાવાળો કે ટીવી ન્યૂઝ ચેનલવાળો કશું તોડે તેમ નથી જેને જે છાપવુ હોય ટીવી ઉપર બતાવવું હોય તે બતાવી દે.

# રાહુલ ગાંધી જ્યાં જાય ત્યાં કોંગ્રેસ પુરી થઈ જાય છે : રૂપાણી

## બડોલી, ઈડર અને હિંમતનગરમાં ગૌરવયાત્રાનું ભવ્ય સ્વાગત જાહેરસભામાં માનવ મહેરામણ ઉમટ્યુ

હિંમતનગર, તા. ૧૦

ભારતીય જનતા પાર્ટી દ્વારા નિકળેલી અલગ અલગ વિસ્તારમાંથી થઈને ગૌરવયાત્રા સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના બડોલીમાં સોમવારે સાંજે પ્રવેશતા જીલ્લા ભાજપ પ્રભારી મંત્રી વલ્લભભાઈ કાકડીયા, જીલ્લા સંગઠન પ્રભારી પ્રદિપસિંહ વાઘેલા અને જીલ્લા પ્રમુખ જે.ડી. પટેલે સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે બડોલીમાં વિકાસની પરીભાષા અને ગૌરવયાત્રા વિશે બોલતા મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ વિશાળ જનમેદનીને જણાવેલ કે, ગુજરાતનું ગૌરવ વધારવા માટે ગૌરવયાત્રા છે, ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામજી કૃષ્ણ વર્મા, કવિ નર્મદ, મોરારજીભાઈ દેસાઈ અને નરેન્દ્રભાઈ મોદી એમના કર્તવ્ય અને નેતૃત્વથી એમના પ્રતાપે ગુજરાતનું ગૌરવ વધ્યું છે. ગુજરાતમાં વિકાસ વગરનું કલ્પવુ અશક્ય છે. કોંગ્રેસીઓ સાંભળીલે વિકાસ અમારા માટે મીજાજ છે અને ગુજરાતી વિકાસને વરેલા લોકો છે આ વિકાસે સજીકલ સ્ટ્રાઈક કરી આંતકીઓની કમરતોડી નાખી છે આંતકીઓનો ખાત્મો કર્યો છે. ધારાસભ્ય અને વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવેલ કે, કોંગ્રેસીઓની નીતી કોંગ્રેસમાં ભાગલા પાડો ને રાજ કરો વોરાએ ઈડર, વડાલી તાલુકામાં કરેલા વિકાસના કામોની માહીતી આપી જણાવેલ કે, કેટલાક લોકો કોંગ્રેસના હાથા બનીને બજારમાં નિકળી પડ્યા છે પરંતુ તેઓ ચુંટણી પછી કયાંય જોવા નહીં મળે ઈડર ખાતે સભા પહેલા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે પત્રકારોને જણાવેલ કે, ગોધરાકાંડમાં ૧૧ લોકોની ફાંસીની સજા હાઈકોર્ટે રદ કરીને આજીવન કારાવાસમાં ફેરવી છે તેના વિરુધ્ધમાં હવે ગુજરાત સરકાર સુપ્રીમ કોર્ટમાં જશે કોર્ટે સ્વીકાર્યુ છે કે, ગોધરાકાંડ એ પૂર્વ આયોજીત કાવતરુ હતુ માટે ગુજરાતને ભયમાં રાખનાર લોકોને હવે સરકાર માફ નહીં કરે અને આ ચુકાદાની સામે ટુંક સમયમાં ગુજરાત સરકાર સુપ્રીમ કોર્ટમાં જશે.

હિંમતનગર શહેરમાં પ્રવેશતા મહેતાપુરામાં યુવાનો અને મહીલાઓ દ્વારા ભવ્ય બાઈક-મોપેડ દ્વારા રોડ શો કરી ગૌરવયાત્રાનું સ્વાગત કરવામાં આવેલ. મહેતાપુરામાં શાળાના બાળકો દ્વારા સુંદર વિવિધ દેશભક્તિના ગીત દ્વારા સ્વાગત કરી વિવિધ પોષાક દ્વારા ભારતીય સંસ્કૃતિના બાળકો દર્શન કરાવતા હતા. આ વિસ્તારના નગરસેવક અને શહેર ભાજપ પ્રમુખ અનીરુધ્ધ સોરઠીયા, ઉપપ્રમુખ ઘનશ્યામસિંહ ભાટી, પાલીકાના સદસ્યો વગેરે પણ મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીનું સ્વાગત કર્યુ હતું.

# પોગલુ ખાતે જિલ્લા કક્ષાનું ગોપાલક અને સંત સંમેલન યોજાયું

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પોગલું ખાતે ગોપાલકો અને સંત સંમલેન યોજાયું હતું જેમાં આવેલ વારાહી શક્તિપીઠ ખાતે સાબરકાંઠા જીલ્લા ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓનાં પ્રતિનિધિઓ અને ગોપાલક અને



ગુજરાત રાજય ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના ચેરમેન ડૉ. વલ્લભભાઈ કથીરિયાના અધ્યક્ષસ્થાને યોજાયું હતું.

પ્રાંતિજના પોગલુ ખાતે સંત સંમેલન યોજાયું હતું. જેમાં આવેલ મહેમાનોનું સ્વાગત બાદ સંતો મહંતોનું સન્માન બાદ ગોપાલકોનુ સન્માન કરવામાં આવ્યું હતું.



અરવલ્લી જિલ્લામાંથી રમાયેલ ૬૫ જવાહરલાલ નહેરુ સબ જુનિયર ભાઈઓની હોકી સ્પર્ધામાં ડીએલએસએસ મોડાસાની ટીમ રાજ્ય કક્ષાએ વિજેતા બની હતી અને આજે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા ટીમ દિલ્હી જવા રવાના થઈ હતી. ૬૫ જવાહરલાલ નહેરુ લીગ મેચો અંડર ૧૪ ભાઈઓ અંડર ૧૭ ભાઈઓ અને અંડર ૧૭ બહેનોએ ભાગ લીધો હતો. અરવલ્લીના હોકીના સિનિયર કોચ શશી દિવાકર અને કોચ અલ્પેશભાઈએ ટીમ ઉત્કુષ્ટ પ્રદર્શન કરે તે માટે શુભેચ્છા પાઠવી હતી.

# ઉત્તર ગુજરાતમાં પ્રથમ વખત ડીસા શહેર સિઝન બોલ ટી-૨૦-૨૦ લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ

ડીસા, તા. ૧૦

ડીસાના ન્યુ ટીસીડી ક્રિકેટ મેદાન ઉપર ઉત્તર ગુજરાતમાં રમત ગમત ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવતા મેદાન ઉપર ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરિટેબલ એકેડમી સાંઈબાબા સ્પોર્ટસ કલબ અને ડી.પી.એલ. ગ્રુપ ડીસા દ્વારા કરવામાં આવ્યો. આ ટૂર્નામેન્ટ ઉત્તર ગુજરાતમાં પ્રથમ વખત ડીસા ખાતે યોજાઈ રહી છે. આ ટૂર્નામેન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂર્વ જિલ્લા ભાજપના પ્રમુખ મહેશભાઈ દવે, ગુજરાત સરકારના વેલફોર બોર્ડના ડાયરેક્ટર અને નગરપાલિકાના કારોબારી સમિતિના પ્રજાપતિ તેમજ એકેડેમીના સીઈઓ અને ચીફ ક્રિકેટ કોચ વિક્રમ આલના વરદહસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ ટૂર્નામેન્ટમાં ડીસા શહેરની કુલ ૧૦ ટીમો ભાગ લઈ રહી છે. જેમાં કુલ ૧૭૦ ખેલાડીઓ આ ટૂર્નામેન્ટમાં ભાગ લેશે. એમ ડીપીએલ કમિટીના સભ્ય



ડીસા શહેરના ખેલાડીઓને ક્રિકેટ ક્ષેત્રે આગવી ઓળખ મળે તેમજ સારૂ ક્રિકેટ રમે તે માટે ડીસા શહેર ટી-૨૦-૨૦ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટનો આજથી ન્યુ ડી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર પ્રારંભ ચેરમેન શશીકાન્તભાઈ પંડ્યા, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ અને બીકે ન્યૂઝ ચેનલના માલિક મગનલાલ માળી, ધી ડીસા એકેડેમીના પ્રમુખ છબીલભાઈ, મંત્રી સતિષ બનાવાલા, શૈલેષભાઈ હિમાંશુ ગજ્જર, વિપુલ તેમજ લવ ક્રિકેટ શૈલેષ મકવાણાએ જણાવ્યુ હતુ. ક્રિકેટ ક્ષેત્રે પોતાની કેરીયર બનાવવા ડીસા એકેડેમીનું મહત્વ ખુબ વધારે ઉત્તર ગુજરાતમાં ફેલાયેલ છે.

# કાંકરેજ તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખનો સત્કાર સમારંભ યોજાયો

કાંકરેજ, તા. ૧૦

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકા સરપંચ એસોસીએશનની રચના કરી પ્રમુખની વરણી કરાયા પ્રસંગે કરશનભાઈ જોષી તથા તમામ સરપંચો દ્વારા પાક નિષ્ફળમાં વ્હાલા-દવલાની નીતિ અપનાવીને નુકશાનનું વળતર ખેડૂતોને સરકારે ચૂકવણું કર્યુ



બાદ તા. ૮-૧૦-૨૦૧૭ના રોજ શિરવાડા ખાતે જોષી કરસનભાઈના ફાર્મહાઉસ પર સરપંચ એસોસીએશનના પ્રમુખ શ્રીમતી ગીતાબેન કરશનભાઈનો સત્કાર સમારંભ અને ભોજન સમારંભ યોજાયો હતો. જેમાં વિવિધ ગામોના ૭૦થી વધુ સરપંચો હાજર રહ્યા હતા. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યો અને સલાહકાર મનુભાઈ જોષી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ તે વિશે તાલુકા ખેતી વિસ્તરણ અધિકારીને રજુઆત કરવા તેમજ ગામોમાં વિકાસના કામોને વેગ આપવા આ સરપંચ એસોસીએશનની રચના કરવામાં આવી છે. તેવું મનોજ જોષી તથા પસાભાઈ જોષીએ જણાવ્યુ હતુ. આમ કાંકરેજ તાલુકા સરપંચ એસોસીએશનના પ્રમુખનો તાજ જોષી ગીતાબેન કરશનભાઈને મળતાં તાલુકામાં આનંદની લાગણી જોવા મળી હતી.

# અરવલ્લી જિલ્લામાં ગુજરાત ગૌરવ યાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત

મોડાસા, તા.૧૦

ગુજરાત ગૌરવયાત્રા આજરોજ અરવલ્લી જિલ્લામાં પ્રવેશતાં જ ભુડાસણ ગામે યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતનું ગૌરવ વધારનારી લોક કલ્યાણની યોજનાઓ ઉપરાંત કેન્દ્રના ત્રણ વર્ષના શાસનમાં લોક થઈ રહેલા સુખાકારીના વિકાસ એટલે લોકોને ભરમાવી મત લેવા પેતરા રચતી કોંગ્રેસને પ્રજા સારી રીતે ઓળખી ગઈ છે. ભાજપના શાસનમાં શાંતિ અને સલામતીનો અહેસાસ કરતી જનતાએ







તે પછી યાત્રા બાયડ ખાતે આવી પહોંચતા અહીં જાહેર સભાને સંબોધન કરીને નેતાઓ દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકારની ઉપલબ્ધીઓ પ્રજા સમક્ષ મુકવામાં આવી હતી. લોકોએ ભારે ઉમળકાભેર ઉમટી પડીને ગૌરવ યાત્રાનું સ્વંયભુ સ્વાગત કર્યું હતું. છેક ભુડાસણથી બાઈકોનો મોટો કાફલો જોડાઈને નીકળેલી રેલી જિલ્લામાં યાત્રાનું સમાપન થયું ત્યાં ભિલોડા સુધી યુવાનો ઉમંગભેર જોડાયા હતા. સમગ્ર યાત્રાના માર્ગો ઉપર કેસરિયો માહોલ સર્જાયો હતો.

મોડાસા ખાતેની જાહેરસભાને સંબોધતાં રાજ્યના કામો પ્રજા સમક્ષ મૂક્યાં હતાં.

તેમણે ખેડૂતોને તેમની મગફળીના ભાવ નીચા ગયા હોઈ સરકાર ટેકાના ૯૦૦ રૂપિયાના ભાવે લાભ પાંચમથી ખરીદી કરીને ખેડૂતોને મગફળીના ભાવમાં રક્ષણ આપશે તેમ જણાવ્યું હતું. રાજ્યમાં આરોગ્ય, શિક્ષણ, રસ્તા સહિતના અનેકવિધ વિકાસ કામો સાથે ભ્રષ્ટાચાર રહિત વહીવટે રાજ્યને ગરિમા બક્ષી છે. તે ગરિમાને ઉજાગર કરતી આ યાત્રાનું રાજ્યના પ્રત્યેક જિલ્લા વિસ્તારમાં ભવ્ય સ્વાગત થઈ રહ્યું છે.

બીજી તરફ ચૂંટણી આવે અગાઉના વર્ષો પહેલાના કોંગ્રેસના શાસન પણ જોયાં છે. ગુજરાતની જનતા એ સમયના ફરફ્યુ, અશાંતિ અને અસલામતીના દિવસો હજુ ભૂલી નથી. આગામી ચૂંટણીમાં ભાજપને આ જિલ્લાની ત્રણેય બેઠકો ઉપર વિજયી બનાવવા અપીલ કરી હતી. આ યાત્રા સાથે પ્રદેશ મહામંત્રી સી.કે. પટેલ, પ્રભારી હર્ષદગિરી ગોસ્વામી, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ અને યાત્રા ઈન્ચાર્જ અને વિપક્ષી નેતા રાજુભાઈ પટેલ વગેરે સહિત અગ્રણીઓ જોડાયા હતા.

# મોડાસા ખાતે યોજાયો ટુરીઝમ સેમીનાર

મોડાસા, તા. ૧૦

આજરોજ અરવલ્લી જિલ્લાની સીબીએસઈ શિક્ષણ માટેની પ્રચલીત ગ્રીન સ્કૂલ એવી બી.કેનાઈ સ્કૂલમાં શાળા પરિવાર દ્વારા ટુરીઝમ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોડાસા શહેરના પ્રતિષ્ઠિત એવા ગોકુલ ટ્રાવેલ્સના ભાવેશભાઈ જયસ્વાલ જેઓ લાયન્સ કલબના પ્રમુખ છે. તેમના દ્વારા શાળાના બાળકોને ટુરિઝમ વિશે તથા અતુલ્ય ભારતની થીમ ઉપર વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.









## ગુજરાત ગૌરવ યાત્રા અરવલ્લીના ધનસુરામાં આવી પહોંચી

સરદાર વલ્લભભાઈ પટેલના વતન કરમસદથી શરૂ કરેલી ભાજપની ગૌરવ યાત્રા અરવલ્લીમા આવી પહોંચી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આગેવાનીમા આવી પહોંચી હતી. જ્યા તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતુ. સાબરડેરીના વાઈસ ચેરમેન કાંતિભાઈ એસ. પટેલ, ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલતાબેન પટેલે સીએમનુ સ્વાગત કર્યુ હતુ. ધનસુરા ચાર રસ્તા પર મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયાં હતા. અરવલ્લીમા ભૂડાસણ ગામેથી શરૂ થયેલી યાત્રા બાયડ તાલુકામાં થઈ ધનસુરા તાલુકામાં પહોંચી હતી. યાત્રાનુ ઠેર ઠેર સ્વાગત કરાયુ હતુ.

# આગામી વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતમાંથી કોંગ્રેસનો સફાયો નિશ્ચિત : પી. પી. ચૌધરી

## જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી સહિતના સંગઠનના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં માર્ગદર્શન અપાયું

મોડાસા, તા. ૧૦

મોડાસા, ભિલોડા અને બાયડ ક્ષેત્રના તમામ શક્તિ કેન્દ્રોના પ્રભારી અને અપેક્ષિત કાર્યકરોની પુરા દિવસની બેઠક શનિવારે મોડાસા ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી પી.પી. ચૌધરીની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.

જેમાં સાંસદ દીપસિંહ રાઠોડ, જિલ્લા પ્રમુખ રણવીરસિંહ, પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ, ધિમંત પટેલ ઉપરાંત જિલ્લાભરમાંથી અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સવારથી સાંજ સુધી એક પછી એક ત્રણેય વિધાનસભા ક્ષેત્રના કાર્યકરો, શક્તિકેન્દ્રોના પ્રભારીઓ સાથેની જુદી જુદી બેઠકોમાં કેન્દ્રીય રાજ્યમંત્રી પી.પી. ચૌધરીએ છેક બુથ લેવલ સુીની અતિ ઝીણવટભરી વિગતો સાથે કાર્યકર્તાઓને સરળતાથી વિગતો સાથે, મુદ્દાઓ લખાવીને માર્ગદર્શન કર્યુ હતુ. તેમણે આગવી શૈલીમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની લોકકલ્યાણકારી



યોજનાઓ, કામોની ઉપલબ્ધીઓની પણ છણાવટ કરવા સાથે છેક બુથ સ્તરે સક્રિયતા દાખવવા અને ગત લોકસભાની ચૂંટણી વેળા બુથોમાંથી નીકળેલા મતો કરતાં પણ વધુ મતો અંકે કરવા અપીલ કરીને આગામી વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં જ્યારે કોંગ્રેસનો સફાયો નિશ્ચિત છે ત્યારે કાર્યકરો વધુ પુરૂષાર્થ થકી પોતાની કામયાબી પણ બતાવે તેવો અનુરોધ કરતા ઉપસ્થિત કાર્યકરોએ તાલીઓના ગડગડાટ સાથે તેમની અપીલને વધાવી લીધી હતી.

આ બેઠકમાં સંગઠનના જિલ્લા પદાધિકારીઓ જયેશભાઈ પટેલ, અતુલ બ્રહ્મભટ્ટ, મહેશભાઈ પટેલ, દરેક તાલુકા-શહેર-પ્રમુખ-મહામંત્રીઓ, જિલ્લા સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલ, અન્ય સહકારી અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભે પ્રમુખ રણવીરસિંહ ડાભીએ તેમનું સ્વાગત કર્યું હતું. સંચાલન અને આભારવિધિ મહામંત્રી શામળભાઈ પટેલે કરી હતી.